MBBS, BDSમાં પ્રવેશની મુદત વધી, હવે વધુ બે દિવસ રજિસ્ટ્રેશન કરી શકાશે

ચોઈસ ફિલિંગ 17મી સુધી અને 18મીએ સીટ એલોટમેન્ટ થશે

ઓલ ઈન્ડિયાની ૧૫% અને ૧૦૦% ડીમ્ડ અને સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શકાશે

ગાંધીનગરઃ મેડિકલ કાઉન્સેલિંગ કમિટી દ્વારા શૈક્ષણિક વર્ષ 2026 માટે UG કાઉન્સેલિંગના રાઉન્ડ-1નું સુધારેલું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. જેમાં 15 ટકા ઓલ ઈન્ડિયા ક્વોટા તેમજ 100 ટકા ડીમ્ડ અને સેન્ટ્રલ યુનિવર્સિટી, AFMC, AIIMS તથા JIPMERની MBBS, BDS અને B.Sc. નર્સિંગ બેઠકો માટે ઓનલાઈન કાઉન્સેલિંગ પ્રક્રિયાની મુદ્દત લંબાવામાં આવી છે.નવી દિલ્હી મેડિકલ કાઉન્સેલિંગ કમિટી દ્વારા સુધારેલા શેડ્યૂલ પ્રમાણે ભાગ લેનારી સંસ્થાઓ દ્વારા ટેન્ટેટિવ સીટ મેટ્રિક્સની ચકાસણી 15 ઓગસ્ટ, 2026ના બપોરે 1 વાગ્યા સુધી કરવામાં આવશે. જ્યારે ફી પેમેન્ટની સુવિધા 15 ઓગસ્ટના સાંજે 5 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. રાઉન્ડ-1 માટે ચોઈસ ફિલિંગ 17 ઓગસ્ટ, 2026ના સાંજે 6 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. ચોઈસ લોકિંગની પ્રક્રિયા પણ 17 ઓગસ્ટે સવારે 10 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી કરી શકાશે. એમસીસી દ્વારા જણાવવામાં આવ્યું છે કે તમામ સમય સર્વર ટાઈમ મુજબ ગણવામાં આવશે. ત્યારબાદ સીટ ફાળવણી માટેની પ્રક્રિયા 18 ઓગસ્ટ, 2026ના રોજ હાથ ધરવામાં આવશે અને રાઉન્ડ-1નું સીટ એલોટમેન્ટ 18 ઓગસ્ટે અને રિઝલ્ટ 19 ઓગસ્ટ, 2026ના રોજ જાહેર કરવામાં આવશે. સીટ ફાળવણી બાદ ઉમેદવારો માટે સંબંધિત સંસ્થામાં રિપોર્ટિંગ અને જોડાવાની પ્રક્રિયા 20 ઓગસ્ટથી 25 ઓગસ્ટ, 2026 દરમિયાન રહેશે. ત્યારબાદ સંસ્થાઓ દ્વારા જોડાયેલા ઉમેદવારોના ડેટાની ચકાસણી 26 ઓગસ્ટ, 2026ના રોજ કરવામાં આવશે.

મેડિકલ-ડેન્ટલ પ્રવેશ માટે 16,221 વિદ્યાર્થીઓનું વેરિફિકેશન પૂર્ણ

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે મેડિકલ અને ડેન્ટલની સ્નાતક વિદ્યાશાખામાં પ્રવેશ પ્રક્રિયા માટે રાજ્યના 28 હેલ્પ સેન્ટરો ખાતે અરજી ચકાસણી તેમજ પ્રમાણપત્રોની નકલ જમા કરાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયા માટે કુલ 16,540 PIN વેચવામાં આવ્યા હતા, જ્યારે તેમાંથી 16,430 વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

હેલ્પ સેન્ટરો ખાતે કુલ 16,221 વિદ્યાર્થીઓની અરજી અને દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થઈ છે. મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન પીન ખરીદવાની પ્રક્રિયા 31 જુલાઈથી 12 ઓગસ્ટ, 2026 દરમિયાન હાથ ધરવામાં આવી હતી. આ જ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશન તથા જરૂરી દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાની પ્રક્રિયા પણ રાખવામાં આવી હતી.

ત્યારબાદ 3 ઓગસ્ટથી 13 ઓગસ્ટ, 2026 સુધી રાજ્યના 28 હેલ્પ સેન્ટરો ખાતે વિદ્યાર્થીઓની અરજી ચકાસણી તથા પ્રમાણપત્રોની નકલો જમા કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રવેશ સમિતિ દ્વારા તમામ હેલ્પ સેન્ટરોને આ કામગીરી અંગે જરૂરી સૂચનાઓ વિડિયો કોન્ફરન્સિંગ મારફતે આપવામાં આવી હતી. દરમિયાન બીએએમએસ અને બીએચએમએસ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની રજીસ્ટ્રેશન પ્રક્રિયા અલગથી હાથ ધરવામાં આવશે.

ડોનાલ્ડ ટ્રમ્પે ભયના માર્યા કેટરિંગની ટ્રકમાં બેસીને ભાગવું પડ્યું એ તેમની નામોશી છે

વિશ્વની સૌથી મોટી મહાસત્તાના સૌથી શક્તિશાળી નેતાને હત્યાના ડરથી કેટરિંગની ટ્રકમાં છૂપાઈને મુસાફરી કરવી પડે તે કોઈ નાનીસૂની નામોશી નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં તેમની કારકિર્દીના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. ઈરાન સામેના યુદ્ધમાં ડોનાલ્ડ ટ્રમ્પે લગભગ શરણાગતિ સ્વીકારવી પડી છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત બનાવવાનું તો બાજુએ રહ્યું; ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પાસે હોર્મુઝની સામુદ્રધુની પણ ખુલ્લી કરાવી નથી શક્યા, જેને કારણે જગતના ચોકમાં તેઓ ઉપહાસનું પાત્ર બની ગયા છે. આટલું ઓછું હોય તેમ ઈરાનના સંભવિત હુમલાથી બચવા તેમને પોતાનું સત્તાવાર એર ફોર્સ વનનું વિમાન છોડીને બીજા વિમાનમાં પહોંચવા માટે કેટરિંગની ટ્રકમાં ચોરની જેમ છૂપાઈને મુસાફરી કરવી પડી છે. દુનિયાની શ્રેષ્ઠ ગણાવાતી અમેરિકન ગુપ્તચર સંસ્થાઓ પણ છેક છેલ્લી ઘડી સુધી ઈરાનના આ સંભવિત હુમલાની ભાળ મેળવી ન શકી એ પણ તેમની નિષ્ફળતાનો પુરાવો છે. ઈરાનના હાથ કેટલા લાંબા છે અને તેઓ કઈ હદે જઈ શકે છે, તેનો ખ્યાલ આ ઘટના પરથી આવે છે.

વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ટેલિવિઝન કેમેરાની હાજરીમાં એરફોર્સ વનમાં ચઢ્યા હતા, પણ પછી ગુપ્ત રીતે તેમને એક એલિવેટેડ એરપોર્ટ કેટરિંગ ટ્રકમાં લઈ જવામાં આવ્યા હતા અને પછી લશ્કરી વિમાનમાં લઈ જવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન વિમાનમાં સવાર પત્રકારો અને વ્હાઇટ હાઉસના કેટલાક સ્ટાફને આ વાતની જાણ નહોતી. ડોનાલ્ડ ટ્રમ્પની હવે એ બાબતમાં ટીકા થઈ રહી છે કે તેઓ પોતાનો જીવ બચાવવા એર ફોર્સ વન વિમાન છોડીને ભાગી ગયા, પણ પત્રકારો અને ઉચ્ચ અધિકારીઓને ઈરાનના મિસાઇલનો ભોગ બનવા માટે છોડતા ગયા. જો ઈરાનનું મિસાઈલ ખરેખર ત્રાટક્યું હોત તો આ પત્રકારો અને અધિકારીઓ માર્યા ગયા હોત. અધિકારીઓએ જણાવ્યું હતું કે અમેરિકાને ઈરાન તરફથી વિમાન પર મિસાઈલ ચલાવવાનો વિશ્વસનીય સંદેશો મળ્યો હતો. તુર્કીના અંકારા શહેરમાં ડોનાલ્ડ ટ્રમ્પ કઈ હોટેલના ક્યા માળે ઊતર્યા છે, તેની જાણ પણ ઈરાની ગુપ્તચરોને થઈ ગઈ હતી. અમેરિકાના રાષ્ટ્રપતિની સુરક્ષામાં આ ચૂકને અત્યંત ગંભીર માનવામાં આવે છે. વોશિંગ્ટન પોસ્ટના એક અહેવાલ મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પના જૂનાં એરફોર્સ વનમાં ચઢવાના થોડા સમય પછી, એક વીડિયોમાં એક કેટરિંગ ટ્રકને તેમાંથી ઉતારવામાં આવી રહી છે. ત્યારબાદ કેટરિંગ ટ્રક દૂર પાર્ક કરેલા C-32A વિમાન તરફ જતી જોવા મળી હતી. જૂનાં એરફોર્સ વનમાં તુર્કી છોડવાને બદલે તેમને યુએસ એરફોર્સ C-32A વિમાનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, જે તેમને બ્રિટન લઈ ગયું હતું. આ ઓપરેશન ૮ જુલાઈના રોજ થયું હતું, જ્યારે ઈરાન સાથે અમેરિકાનો તણાવ વધી રહ્યો હતો. તુર્કી અને ઈરાન વચ્ચે કોમન સરહદ હોવાથી તુર્કીમાં ઈરાન દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પ પર હુમલો કરવામાં આવે તેવી સંભાવના વધી ગઈ હતી. ઓપરેશનથી પરિચિત એક યુએસ અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રમ્પ કેમેરાની સામે અંકારામાં પહેલા જૂના એરફોર્સ વનમાં ચઢ્યા હતા. ત્યારબાદ તેમને એરપોર્ટ કેટરિંગ ટ્રકમાં લઈ જવામાં આવ્યા, જે પછી તેમને નાના C-32A વિમાનમાં લઈ ગઈ. ટ્રમ્પને લઈ જતું C-32A વિમાન બ્રિટન જવા રવાના થયું અને રાત્રે ૧૦:૨૦ વાગ્યે પહોંચ્યું. પત્રકારો અને અન્ય સ્ટાફને લઈને જૂનું એરફોર્સ વન વિમાન થોડીવાર પછી પહોંચ્યું.

અગાઉ અમેરિકન મીડિયાએ ટ્રમ્પ કતાર દ્વારા પૂરા પાડવામાં આવેલા વિમાનમાં તુર્કી ન જવાનાં કારણ તરીકે ઈરાન તરફથી ધમકીનો ઉલ્લેખ કર્યો હતો. ઘણા અહેવાલોમાં આ ધમકીને ઈરાની પ્રોક્સી દળો સાથે જોડવામાં આવી હતી. ન્યુ યોર્ક ટાઇમ્સે અગાઉ અહેવાલ આપ્યો હતો કે નવા વિમાનમાં જૂનાં એરફોર્સ વનમાં જોવા મળતી કેટલીક સુરક્ષા સુવિધાઓનો અભાવ હતો. અંકારાથી રવાના થતાં જૂનાં વિમાનમાં સવાર પત્રકારોને પણ તેમના બારીના પડદા નીચે રાખવાની સૂચના આપવામાં આવી હતી, જે તકેદારી સામાન્ય રીતે યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં અપનાવવામાં આવે છે. આ વિમાન બ્રિટનમાં ઊતર્યા પછી, ડોનાલ્ડ ટ્રમ્પને મોટાં એરફોર્સ વન વિમાનમાંથી બહાર નીકળતા અને પછી નવા અપગ્રેડ કરેલા વિમાન તરફ ચાલતા ફિલ્માવવામાં આવ્યા હતા.

ન્યૂ યોર્ક ટાઇમ્સ અખબારે અગાઉ કતાર દ્વારા ભેટમાં આપવામાં આવેલાં જેટ વિમાન અંગે સુરક્ષાની ચિંતાઓ પર અહેવાલ આપ્યો હતો, જેમાં સિક્રેટ સર્વિસે ડોનાલ્ડ ટ્રમ્પને નાટો સમિટમાંથી પાછા ફર્યા પછી વિમાન બદલવાની વિનંતી કરી હતી. અમેરિકાએ રાષ્ટ્રપતિ માટે બોઈંગ ૭૪૭-૮ તૈયાર કરવામાં મહિનાઓ વિતાવ્યા છે, જેની કિંમત ૪૦ કરોડ ડોલર છે. જૂનું એરફોર્સ વન વિમાન આવનારી મિસાઇલોને નિષ્ક્રિય કરવા માટે લેસર ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. કતારના વિમાનમાં કઈ સિસ્ટમ હશે તે હજુ સ્પષ્ટ નથી. નવું એરફોર્સ વન રાષ્ટ્રપતિની મુસાફરી માટે સંપૂર્ણપણે કાર્યરત છે, પરંતુ શિયાળા દરમિયાન તેમાં વધારાના અપગ્રેડ અને સુધારા કરવામાં આવશે, જેને પૂર્ણ થવામાં લગભગ એક મહિનાનો સમય લાગશે. સીબીએસ ન્યૂઝના અગાઉના અહેવાલો અનુસાર અમેરિકાની ગુપ્તચર એજન્સીઓએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અથવા તેમનાં વિમાન પર હુમલાના ચોક્કસ ખતરાની ચેતવણી પહેલાથી જ આપી દીધી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભૂતકાળમાં પણ પોતાની કડક સુરક્ષા જાળવી રાખવા અને સતત મીડિયા તપાસથી બચવા માટે ઘણી વાર એવાં અસામાન્ય પગલાં લીધાં છે, જેની સામાન્ય રીતે કોઈ વૈશ્વિક નેતા પાસેથી અપેક્ષા રાખવામાં આવતી નથી. એપ્રિલ ૨૦૧૬ માં, સાન ફ્રાન્સિસ્કોની હ્યાત રીજન્સી હોટેલમાં રિપબ્લિકન સંમેલન યોજાયું હતું. મોટી સંખ્યામાં વિરોધીઓ હોટલના મુખ્ય પ્રવેશદ્વાર પર એકઠા થયા હતા અને રસ્તો સંપૂર્ણપણે અવરોધિત કરી દીધો હતો. પરિસ્થિતિની સંવેદનશીલતાને ઓળખીને ડોનાલ્ડ ટ્રમ્પના કાફલાને મુખ્ય માર્ગ પરથી વાળવામાં આવ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પને પાછળથી એક નાની દિવાલ અને સુરક્ષા વાડ કૂદીને હોટલમાં પ્રવેશ કરવો પડ્યો હતો. હેલિકોપ્ટર કેમેરામાં કેદ થયેલી આ ઘટનાને બાદમાં ડોનાલ્ડ ટ્રમ્પે પોતે કટાક્ષમાં લીધી હતી અને કહ્યું હતું કે આ તેમના જીવનનો સૌથી સરળ પ્રવેશ નહોતો.

મે ૨૦૨૦ માં જ્યોર્જ ફ્લોયડના મૃત્યુ પછી સમગ્ર અમેરિકામાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યાં હતાં. વિરોધીઓ વ્હાઇટ હાઉસની નજીક આગળ વધ્યાં હતાં અને તેમણે સુરક્ષા ઘેરાબંધી તોડવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષા ચિંતાઓને માપીને સિક્રેટ સર્વિસે તાત્કાલિક ટ્રમ્પને વ્હાઇટ હાઉસની નીચે સૌથી સુરક્ષિત ભૂગર્ભ બંકરમાં ખસેડ્યા હતા, જ્યાં તેમણે લગભગ એક કલાક વિતાવ્યો હતો. આ પગલાંની રાજકીય વર્તુળોમાં ઘણી ચર્ચા થઈ, જેના પર ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટતા કરી કે તેઓ ત્યાં કોઈ ખતરો ટાળવા માટે નહીં, પરંતુ બંકરનું નિરીક્ષણ કરવા માટે ગયા હતા.

સપ્ટેમ્બર ૨૦૨૪ માં વેસ્ટ પામ બીચ પર ડોનાલ્ડ ટ્રમ્પ તેમના ગોલ્ફ કોર્સમાં રમતા હતા, ત્યારે એક સિક્રેટ સર્વિસ એજન્ટે ઝાડીઓમાં AK-47 જેવી રાઇફલનો બેરલ જોયો હતો. એજન્ટોએ તરત જ શંકાસ્પદ વ્યક્તિ પર ગોળીબાર કર્યો અને રાષ્ટ્રપતિને ઘેરી લીધા હતા. તેમને ઘટનાસ્થળેથી ઝડપથી બહાર કાઢવા માટે ખાસ ડિઝાઇન કરાયેલી સશસ્ત્ર, હાઇ-સ્પીડ ગોલ્ફ કાર્ટ બોલાવવામાં આવી હતી, જે તેમને ભયાનક ગતિએ સુરક્ષિત ક્લબહાઉસમાં લઈ ગઈ હતી.

૨૦૧૬ ની રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા પછી તરત જ, ડોનાલ્ડ ટ્રમ્પ પ્રેસ પુલ પર ૨૪/૭ દેખરેખ રાખવાથી અસ્વસ્થ થઈ ગયા હતા. એક સાંજે, તેમની ટીમે સત્તાવાર રીતે પત્રકારોને જાણ કરી કે રાષ્ટ્રપતિ હવે બાકીના દિવસ માટે બહાર નહીં જાય. જો કે, આ જાહેરાત પછી તરત જ, ટ્રમ્પ અને તેમનો પરિવાર પ્રેસને જાણ કર્યા વિના મેનહટનના પ્રખ્યાત ૨૧ ક્લબ રેસ્ટોરન્ટમાં રાત્રિભોજન માટે ગયા હતા. જ્યારે મીડિયાને આ વાતની જાણ થઈ, ત્યારે ભારે હોબાળો થયો હતો અને વ્હાઇટ હાઉસ પ્રેસ એસોસિએશને સુરક્ષા અને પારદર્શિતા પર પ્રશ્નો ઊભા કર્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પ ભલે જાહેરમાં ગમે એટલી બહાદુરી બતાડતા હોય, તેઓ અંદરથી ભયભીત છે, કારણ કે તેમના હાથ હજારો નિર્દોષ માનવીઓના લોહીથી ખરડાયેલા છે. તેમણે જે રીતે ઈરાનના નેતાઓની હત્યા કરાવી છે તે જોતાં તેઓ આખી જિંદગી ચેનની નિદ્રા લઈ શકશે નહીં.

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ડોનાલ્ડ ટ્રમ્પની હવે એ બાબતમાં ટીકા થઈ રહી છે કે તેઓ જીવ બચાવવા એર ફોર્સ વન વિમાન છોડીને ભાગી ગયા, પણ પત્રકારોને ઈરાનના મિસાઇલનો ભોગ બનવા માટે છોડતા ગયા

પાંચ વર્ષ બાદ સુરત શહેર-જિલ્લાના 88 શિક્ષકને પૂર્ણ પગાર મળ્યો

અનુદાનિત માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોને પૂર્ણ પગારના હુકમોનું કલેકટરના હસ્તે વિતરણ

સુરતઃ સુરત શહેર અને જિલ્લાના અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા ૮૮ શિક્ષકો માટે પાંચ વર્ષની સેવા પૂર્ણ થતાં પૂર્ણ પગારનો માર્ગ ખુલ્યો છે. જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર તેજસ પરમારના હસ્તે આ શિક્ષકોને પૂર્ણ પગારના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કલેક્ટર તેજસ પરમારે પાંચ વર્ષની સેવા પૂર્ણ કરીને પૂર્ણ પગારનો લાભ મેળવનારા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે શિક્ષકોને માત્ર પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણ પૂરતું સીમિત ન રહેવા અને વિદ્યાર્થીઓને વર્તમાન સમયની જરૂરિયાત મુજબ વ્યવહારુ જ્ઞાન તથા કલા-કૌશલ્ય આધારિત તાલીમ આપવા અનુરોધ કર્યો હતો. કલેક્ટરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે શિક્ષણની સાથે સભ્યતા, સ્વચ્છતા અને નિયમિતતા જેવા પાયાના સંસ્કારોનું સિંચન પણ એટલું જ મહત્વનું છે. શિક્ષકો બાળકોને ભવિષ્યના જવાબદાર નાગરિકો તરીકે ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, તેથી પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવાની તેમણે અપીલ કરી હતી. કરાર આધારિત શિક્ષકોને પાંચ વર્ષની સેવા પૂર્ણ થતાં તાત્કાલિક ધોરણે પૂર્ણ પગારના હુકમો આપવા બદલ જિલ્લા શિક્ષણાધિકારી અને તેમની ટીમની ઝડપી, પારદર્શી અને કાર્યક્ષમ કામગીરીને પણ કલેક્ટરે બિરદાવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમારે સુરત જિલ્લામાં સતત ઘટી રહેલા ડ્રોપઆઉટ રેશિયો અને ગુણવત્તાયુક્ત શિક્ષણના વધી રહેલા સ્તર અંગે માહિતી આપી હતી. તેમણે શિક્ષકોને આ કામગીરીને વધુ વેગ આપવા અને શ્રેષ્ઠ કામગીરી સતત જાળવી રાખવા અનુરોધ કર્યો હતો.

કામરેજના કોસમાડી ગામે દાદાની હત્યા કેસમાં પૌત્ર નિર્દોષ છુટ્યો

સુરતઃ કામરેજનાં કોસમાડી ગામે દાદાની હત્યા કેસમાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં આરોપી પૌત્રને કોર્ટે છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. કામરેજ પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ, કોસમાડી ખાતે રહેતા પરેશ ગોવિંદ આહિરના ૭૨ વર્ષીય કાકા વલ્લભ આહિરને બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં જમીન સંપાદનનાં વળતર પેટે એક કરોડ એકવીસ લાખની રકમ મળી હતી. દાદા પનામા પુત્રને ત્યાં ગયા ત્યારે પૌત્ર સાહિલને ચેક આપી રકમ પોતાના અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું કામ સોંપ્યું હતું, પરંતુ પૌત્રએ રકમ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી ફોર્ચ્યુનર કાર ખરીદી હતી. દાદા પરત આવતા ઝઘડો થયો હતો. એક દિવસ દાદાએ કારમાં સાબર ગામ લઈ જવાનું કહેતાં પૌત્રએ ના પાડતા ચાવી લઈ લીધી હતી. જેથી પૌત્રએ નારાજ થઈ ગત તા.1લી ઓગસ્ટ, 2020ના રોજ દાદા વલ્લભભાઈ છનાભાઈ આહીરને લાકડાના સપાટા મારી હત્યા કરી જમનાબેન પર પણ હુમલો કરી નાસી ગયો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી દરમિયાન આરોપી પૌત્ર તરફે એડવોકેટ રિષ્ઠિશ મોદી અને મુકુંદ રામાણીએ દલીલ કરી હતી. બંને પક્ષની રજૂઆત બાદ ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપી પૌત્ર સાહિલ ભરત આહીરને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

ટ્રેનના એસી કોચમાં ગાંજાની હેરાફેરી કરતી બે મહિલા પકડાઈ

બંને મહિલા ઓડિશાથી સુરત ગાંજો લાવતી હતી, પોલીસે બંને પાસેથી 30 કિલો ગાંજો કબજે કર્યો

બંનેને ખેપ મારવા માટે રૂપિયા 10 હજાર મળતા હતા, એક અગાઉ પણ આ રીતે ખેપ મારી ચૂકી છે

સુરતઃ સુરત રેલવે સ્ટેશને ગુરૂવારે દુરંતો અમદાવાદ ટ્રેનમાં એસી કોચમાં ઓડિશાથી સુરત ગાંજાની હેરાફેરી કરતી બે મહિલાને રેલવે વડોદરા યુનિટ SOG અને LCBની ટીમે પકડી પાડી હતી. આ બંને મહિલા શંકાસ્પદ હાલતમાં જતી જણાતાં તેને રોકીને તપાસ કરવામાં આવતાં ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ થયો હતો.

પોલીસે તપાસ દરમિયાન પકડાયેલી મહિલાઓ બંદના ઉર્ફે સ્નેહલતા ખુના, (ઉં.વ.33, રહે., ગામ મેઈન રોડ બોયરાણી, તા. કવિસુર્યાનગર, જિ.ગંજામ, ઓડિશા) અને આરતી બસંતકુમાર, (ઉં.વ.30, રહે., બોયરાણી, તા. કવિસુર્યાનગર, જિ.ગંજામ, ઓડિશા)ની પાસેની 2 બેગ અને 2 બેકપેકમાંથી રૂપિયા 14,98,250 કિંમતનો 29.965 કિલો ગાંજો કબજે કર્યો હતો. સાથે 3 મોબાઇલ ફોન અને 1,900 રોકડા પણ જપ્ત કરવામાં આવ્યા હતા. પૂછપરછમાં બંને મહિલાઓએ કબૂલ્યું કે ઓડિશાના ગંજામ જિલ્લાના કંધમાલ વિસ્તારના જંગલમાંથી ગાંજો ખરીદીને રેલવે દ્વારા ગુજરાત લાવવામાં આવ્યો હતો. 10,000ની લાલચ આપીને તેમને ખેપિયા તરીકે ઉપયોગ કરવામાં આવ્યાં હતા. એક મહિલાએ અગાઉ પણ આ રીતે ગાંજો સપ્લાય કર્યો હોવાની કબૂલાત કરી હતી. બંને વિરૂદ્ધ રેલવે પોલીસમાં ગુનો નોંધીને ગાંજો મોકલનાર મુખ્ય સપ્લાયરને પકડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. વધુ તપાસ પો.સ.ઇ. આર.એ. ચડ્ડા, પો.સ.ઇ. એચ.પી. રિવ્યા અને SOG/LCBની ટીમ કરી રહી છે.

અનુસંધાન ... પાના પહેલાનું

બાંગ્લાદેશમાં વીજ સંકટ...

અને વીજળી કચેરીઓ માટે પોલીસ સુરક્ષાની માંગ કરવી પડી છે. વર્તમાન પરિસ્થિતિ મુખ્યત્વે બળતણ, ખાસ કરીને કુદરતી ગેસની અછતને કારણે ઊભી થઈ છે. બાંગ્લાદેશ તેની જરૂરિયાતનું ૯૦%થી વધુ તેલ અને ૩૦% ગેસ આયાત કરે છે.

લાલ કિલ્લા પરથી...

યોજાયું હતું. ધ્વજવંદન બાદ આર્મી બેન્ડ દ્વારા 'વંદે માતરમ'ની ધૂન વગાડવામાં આવશે, જેમાં લાલ કિલ્લા પર હાજર તમામ લોકો ગાન કરશે. ત્યારબાદ રાષ્ટ્રગીત ગવાશે. દેશી 105mm લાઇટ ફીલ્ડ ગન (1721 ફીલ્ડ બેટરી) દ્વારા પીએમ મોદી દ્વારા ધ્વજવંદન સમયે 21 તોપોની સલામી આપવામાં આવશે. આકાશમાંથી પુષ્પવર્ષાઃ ભારતીય વાયુસેનાના બે Mi-17 હેલિકોપ્ટર દ્વારા લાલ કિલ્લા પર પુષ્પવર્ષા કરવામાં આવશે. એક હેલિકોપ્ટર ત્રિરંગો અને બીજું હેલિકોપ્ટર 'વંદે માતરમ' દર્શાવતો ફ્લેગ લહેરાવશે. લાલ કિલ્લા સામે આવેલ જ્ઞાનપથ પર 2,500 NCC કેડેટ્સ અને 'માય ભારત' વોલન્ટિયર્સ બેસીને 'Vande Mataram' શબ્દ આકાર આપશે અને સંબોધન બાદ ગાન કરશે.

આમંત્રણ કાર્ડ પર...

સંરક્ષણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા બહુ-પૃષ્ઠીય ઈ-આમંત્રણ પત્રોની મધ્યમાં 'સેવા તીર્થ' સંકુલની છાયાછબી, ઉપરના જમણા ખૂણામાં 'ધર્મ ચક્ર'નું પ્રતીક અને ઉપરના ડાબા ખૂણામાં બેઠક વ્યવસ્થાના એન્ક્લોઝરનું નામ, મૂળભૂત ફ્રન્ટોની સૂચિ અને 'વંદે માતરમ'ની સંપૂર્ણ છ કડીઓ અંગ્રેજી અને હિન્દીમાં સામેલ છે. ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે બેઠક વ્યવસ્થાના એન્ક્લોઝર્સના નામ ભારતના મોટા સરોવરોના નામ પરથી રાખવામાં આવ્યા છે.

સંસદનું ચોમાસું સત્ર...

વખત ગૃહની કાર્યવાહીમાં હાજર રહ્યા નહોતા. ગુરુવારે સમાપ્ત થયેલા આ ૨૫ દિવસના સત્ર દરમિયાન લોકસભામાં ૧૯ ટકા, જ્યારે રાજ્યસભામાં ૩૯ ટકા કામગીરી નોંધાઈ હતી. લોકસભાની બેઠક ગુરુવારે અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવી હતી, જેની સાથે જ ભારે હોબાળાભર્યા ચોમાસુ સત્રનો અંત આવ્યો હતો. આ સત્ર દરમિયાન વિદ્યાર્થી આંદોલનકારીઓ પર પોલીસ કાર્યવાહી અને રામ મંદિરના દાનમાં કથિત ચોરીના મુદ્દે વિપક્ષ દ્વારા સતત વિરોધ પ્રદર્શન જોવા મળ્યા હતા, તેમજ કેટલાક મહત્વપૂર્ણ બિલો ચર્ચા વિના પસાર કરવામાં આવ્યા હતા. વિપક્ષના વિરોધને કારણે ગૃહ એક પણ દિવસ પ્રશ્નકાળ પૂર્ણ કરી શક્યું ન હતું, તેમ છતાં ૧૨ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા, જેમાં રાજ્યસભા દ્વારા અગાઉ મંજૂર કરાયેલા બે વિધેયકોનો પણ સમાવેશ થાય છે. આ ૧૨ વિધેયકોમાંથી માત્ર બે વિધેયકો પર જ ચર્ચા થઈ શકી હતી, જ્યારે બાકીના ચર્ચા વિના પસાર કરવામાં આવ્યા હતા. આ સત્ર ૨૦ જુલાઈએ શરૂ થયું હતું અને શરૂઆતમાં NEET પેપર લીક મુદ્દે તથા અયોધ્યામાં રામ મંદિરના દાનમાં કથિત ચોરીને લઈને વિપક્ષ દ્વારા જોરદાર વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા હતા. બાદમાં વિપક્ષે ૨૦ જુલાઈએ અહીં જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ લાઠીચાર્જ અંગે અમિત શાહ પાસે જવાબ માંગ્યો હતો. જો કે વિપક્ષના વિરોધને કારણે ગૃહ એક પણ દિવસ પ્રશ્નકાળ પૂર્ણ કરી શક્યું ન હતું, તેમ છતાં ૧૨ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા, જેમાં રાજ્યસભા દ્વારા અગાઉ મંજૂર કરાયેલા બે વિધેયકોનો પણ સમાવેશ થાય છે. આ ૧૨ વિધેયકોમાંથી માત્ર બે ઉત્પાદકતા 145% રહી હતી.

વિશેષ સત્ર 2023: લોકસભામાં 137% કામગીરી થઈ હતી.

અકાલી નેતા સુખબીર...

આવ્યા હતા, જ્યાં તેમના જમણા હાથ પર બેથી ત્રણ ટાંકા આવ્યા છે અને તેઓ ખતરાથી બહાર છે. અધિકારીએ જણાવ્યું હતું કે, સ્પેશિયલ પ્રોટેક્શન યુનિટના સભ્ય એવા પોલીસ અધિકારી સંતોષ કેન્દ્રને બાદલનું રક્ષણ કરવાનો પ્રયાસ કરતી વખતે ઈજા થઈ હતી. બાદલને ઝેડ કેટેગરીની સુરક્ષા અપાઈ છે. બપોરે 1:45 વાગ્યે ગુરુદ્વારા માતા સાહિબ દેવાનજી મુગટની અંદર પગથિયાં ઊતરી રહ્યા હતા ત્યારે બાદલ પર આ હુમલો કરવામાં આવ્યો હતો.આ પહેલાં બાદલે અકાલી દળના સાંસદ અને તેમનાં પત્ની હરસિમરત કૌર બાદલ સાથે નાંદેડમાં તખ્ત શ્રી હજૂર સાહિબનાં દર્શન કર્યાં હતાં. બાદલ કુટુંબ હાલ મહારાષ્ટ્રની મુલાકાતે આવ્યું છે.

ઉત્તરાખંડના ચમૌલીમાં...

છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર, સાંજે ૭ વાગ્યાની આસપાસ ૧૮ થી ૧૯ શ્રમિકો ટનલની અંદર ફસાયા હતા. અત્યાર સુધીમાં તેમાંથી ૧૬ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે અને બાકીના શ્રમિકોને બહાર લાવવાની કામગીરી ચાલુ છે. પોલીસ, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF), સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સ